ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૨-૨૦૧૨, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

ઝેરનાં તે વળી પારખાં હોય?

અમેરિકા વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી ગણાય છે; બ્રિટન દુનિયાની સૌથી જૂની લોકશાહી હોવાનું ગૌરવ લેતું ફરે છે; એની સામે ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ઓળખાય છે. પરંતુ પ્રતિબદ્ધતાનો. અમેરિકા સામે એકવાર અડપલું કરનાર તાલેબાન ફરી વાર માથું ઊંચકી શકતું નથી. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનનાં તાલેબાની તત્ત્વોને વીણી વીણીને સાફ કરી નાખનાર અમેરિકા ક્યાં, લંડન જેવા મહાનગરમાં ઈંગ્લેન્ડનું ગુપ્તચર તંત્ર ક્યાં અને છાશવારે આતંકવાદીઓને ફટાકડા ફોડવાની છૂટ આપતું ઉદાર 'બિનસાંપ્રદાયિક' હિન્દુસ્તાન ક્યાં! હૈદરાબાતએ ભારતનું આઈ ટી હબ છે. એક સમયની આ નિઝામનગરી દિલ્હીના હાકેમો માટે કાયમ માથાનો દુખાવો જ સાબિત થતી રહી છે. ગૃહમંત્રી સરદાર વલ્લભાઈ પટેલે પાકિસ્તાન સાથે છાનગપતિયાં કરી રહેલા નિઝામની નિયત બર નહોતી આવવા દીધી. સરદાર પટેલની કુનેહ અને લાલ આંખને લીધે જ હૈદરાબાદ પાકિસ્તાનમાં જતાં જતાં રહી ગયું હતું. સરદાર પટે પણ કોંગ્રેસ સરકારના ગૃહમંત્રી હતા એ સુશીલકુમાર શિંદે પણ કોંગ્રેસ સરકારના જ ગૃહમંત્રી પટે કાર્યરત છે. છતાં બે નેતાઓ વચ્ચે જમીન આસમાનનો ફેર છે. શિંદે હૈદરાબાદમાં થયેલો બિભત્સ બૉમ્બકાંડ અટકાવી શક્યા નથી. ગુપ્તચર એજન્સીઓ દ્વારા આગોતરી માહિતી મળ્યા છતાં કેન્દ્ર કે રાજય સરકાર એના નિર્દોષ નાગરિકોનું લોગી રેડાતું અટકાવી શકી નથી. મૂઆ પછીની મોંકાણમાં અનુકૂળ નિવેદનો આપી ત્રાસવાદી કનેકશન સાબિત કરવા માટે અગાઉ થયેલા આવા બૉમ્બ વિસ્ફોટની કડીઓ મેળવવાની લાંબી અને મોંઘીદાટ કવાયત ચાલતી રહે છે. સીસી ટીવી કેમેરો લગાવાયા હોવા છતાં એ પૈકીના કેટલાક નકામા થઈ ગયાની વાત બહાર આવે છે. સૌથી મોટું આશ્ચર્યતો એ મુદ્દે થાય કે દિલસુખનગર અને બેગમપેટ વિસ્તારની જરૂરી વિગતો ઈન્ડિયન મુજાહિદીનને પહોંચાડવાની કબૂલાત કરનારો મકબૂલ ઘણા વખતથી તિહાડ જેલમાં છે. એની પાસેથી આ વિગતો અગાઉ નહોતી મેળવી શકાતી? શું એની ઊલટ તપાસ ફકત વિસ્ફોટો થયા પછી જ લેવાની હતી? આપણા પોલીસતંત્ર પર પણ દેખીતી રીતે જ આ દેશના નાગરિકોને નફરત જ થાય, એવું એનું વર્તન અને વ્યવહાર રહ્યા કરે છે. જે દેશના શાસકોમાં જ નિષ્ઠાનો અભાવ પ્રવર્તતો હોય એની બ્યુરોક્રસી પાસે કાર્યદક્ષતાની અપેક્ષા રાખવી નકામી અનેનિરર્થક છે. પ્રહારોની પરંપરા સરજાતી રહે છતાં, મૌનીબાબા થઈ વડાપ્રધાન સોનિયાજી સાથે હૈદરાબાદની ઊડતી મુલાકાત લઈ આવે તેથી સમસ્યા પતી કે ઊકલી જવાની નથી. ઈંટનો જવાબ પથ્થરથી આપવાની તૈયારી હોવી જોઈએ. આખી દુનિયા જાણે છે કે હિંદુસ્તાન સામે 'પ્રોક્સીવૉર' આડકતરું યુદ્ધ ચાલુ રાખવાની બદદાનત ધરાવતા પાડોશી મુલકની જ કરતૂતો આવા ખતરનાક આતંકવાદી હુમલાઓ સ્વરૂપે વારંવાર બહાર આવતી રહે છે. છતાં દરેક કોઈ અકળ કારણસર પ્રસ્થાપિત સમુદાય ચરફ નરમ વલણ અપનાવતું રહે છે. પાકિસ્તાનને ભારતીય લોકતંત્રની આ નબળી નસનો પાકો અંદાજ બેસી ગયો છે. એટલે એ નિરાંતજીવે આવા આંચકા આપ્યે જ રાખે છે. એને ખાતરી છે કે અડધું હિંદુસ્તાન આવા ધડાકાઓથી ધ્રૂજી જશે તો પણ રાજકારણની સ્વાર્થી ગણતરીઓમાંથી ઊંચું નહીં આવતું મહાન રાષ્ટ્ર આપણી સામે ઘુરકિયાં કરવાથી વધારે કંઈ જ કરી શકવાનું નથી.

માઉન્ટ વિક્ટરી પ્રાથમિક શાળા ગાંધીનગર પરિક્રમામાં જોડાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે આવેલી માઉન્ટ વિક્ટરી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો આજે ગાંધીનગર પરિક્રમામાં જોડાયા હતા અને પાણી, શરબત, છાસ, નાસ્તો વગેરેની પદયાત્રિકોને વહેંચણી કરી સેવાકાર્ય કર્યું હતું.

ગાંધીનગર પરિક્રમામાં માઉન્ટ વિક્ટરી પ્રાથમિક શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને એમ.ડી. પી.બી. સિંધા ખાસ જોડાયા હતા. તેઓએ પરિક્રમામાં ચાલતા-ચાલતા સર્વેજનોને પાણી, શરબત અને છાસનું વિતરણ કર્યું હતું. યુવા યુથના યુવાનોએ પણ બાળકોને આ બાબતે પ્રોત્સાહન પુરૂ પાડયું હતું. મેહુલભાઈ, નચિકેત વગેરે તથા અનેકવિધ સંસ્થાનો સારો એવો સહયોગ મળ્યો હતો.

નગરની શાળા-કોલેજોમાં વાર્ષિકોત્સવની ઉજવણી જામી

ગાંધીનગર, તા. ૨૪

પરીક્ષાઓને હજુ વાર છે ત્યારે શાળા-કોલેજોમાં ઈનામ વિતરણ, સ્પોર્ટસ ડે, ધો-૧૦ અને ધો-૧૨નો વિદાય સમારંભ તેમજ વાર્ષિકોત્સવની ઉજવણીનો માહોલ જામ્યો છે. શનિ-રવિની રજાઓના માહોલમાં ખાસ શાળા-કોલેજોમાં વાર્ષિકોત્સવની ઉજવણી થઈ રહી છે.

વિદ્યાર્થી પોતાનો કૌશલ્યોને ઉજાગર કરી પોતાની વિશિષ્ટ શકિતઓને, અભિનયની કલાને, વકતૃત્વની છટાને તથા નૃત્યની આભાને સુંદર ઓપ આપી શકે તે માટે દરેક શાળા કોલેજના ગુરુ-શિષ્યો તન-મન એક કરી વાર્ષિકોત્સવ ઉજવી રહ્યા છે. જાણીતા ગીતો પર ડાન્સ, જોક્સ ઉપરથી હાસ્ય નાટકો-મિમીકી, અભિનયની આભા પાથરતા, વિચારોને આદર્શ નાટકો, એકાંકીઓ ભજવાય છે.

સાંપ્રત સમયમાં શૈક્ષણિક સંસ્થાઓમાં દરેક કાર્યક્રમ એક 'થીમ' ઉપરથી તૈયાર થઈ રહ્યા છે. માતૃત્વ, માનવ સંબંધો, ગુરુ વંદના, દેશભકિત, પર્યાવરણ વગેરે અવનવી થીમ ઉપર ગીતો, નાટકો, માઈમ, ડાન્સ વગેરે તૈયાર થાય છે. ગાંધીનગરની કડી કેમ્પસની કોલેજોનો, ચૌધરી સ્કૂલ, કોલેજોનો તથા વિવેકાનંદ સંસ્કાર તપોવન, વેદ ઈન્ટરનેશન સ્કૂલ, સેંટ ઝેવિયર્સ સ્કૂલ વગેરે શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમો વાર્ષિકોત્સવ નિમિત્તે રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાની અભિનય શકિતને, નૃત્ય કલાને તથા વકતૃત્વ છટાને ખૂબ જ સુંદર રીતે પ્રદર્શિત કરી પ્રેક્ષકો, દર્શકોની પ્રસંશા પ્રાપ્ત કરી હતી.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલની 'માયા નગરી' એ ધૂમ જમાવી...

શહેરની જાણીતી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ અને કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા માયા નગરી વાર્ષિકોત્સવ ડેપ્યુટી કલેકટર મિ. વિક્રમસિંહ જાદવની પરોક્ષ શુભેચ્છા અને કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહાની પ્રત્યક્ષ હાજરીમાં ઉજવાઈ ગયો. દુનિયામાં રહેતા ફરતા લોકો, સ્વજનો અને તેમના સંબંધો એટલે કે માનવ સંબંધોની માયા નગરીમાં જીવનને સુંદર કલરવ પૂર્વ બનાવવા તેમજ સ્ટ્રેલ ફૂલ લાઈફ છોડી સુંદર હસતો ચહેરો રાખવાની 'માયા નગરી' કાર્યક્રમમાં કાર્તિક પટેલ, અશ્વિન વ્યાસ, રોહિતભાઈ નાથાણી વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત પણ કરાયા હતા.

જય ગજ્જરના સાતમા વાર્તાસંગ્રહ સં-વેદનાનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને રન્નાદે પ્રકાશન, અમદાવાદની નિશ્રામાં માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે ગુરૂવાર, તા. ૨૧ ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે ઈન્ફોસિટી કલબ, ગાંધીનગર ખાતે કેનેડા નિવાસી અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય પ્રથિતયશ ગુજરાતી નવલકથાકાર-વાર્તાકાર શ્રી જય ગજ્જરના સાતમા વાર્તાસંગ્રહ 'સં-વેદના'નું લોકાર્પણ જાણીતા કવિ અને સર્જક ડૉ. ચિનુભાઈ મોદીના વરદ હસ્તે સુપ્રસિદ્ધ નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ તથા અમદાવાદ અને ગાંધીનગરના સર્જકો અને સાહિત્ય પ્રેમીઓની ઉપસ્થિતિમાં થયું હતું.

આ સાહિત્યિક કાર્યક્રમ પ્રસંગે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્ત જહાએ કાર્યક્રમના આરંભે જણાવ્યું કે વિદેશમાં વસતા પણ માતૃભૂમિને ન ભૂલતાં દર વર્ષે બે ત્રણ મહિના અહીં પધારી ગાંધીનગરનું ગૌરવ વધારી ગાંધીનગરને એમના સર્જનનો સદા આસ્વાદ કરાવનાર જય ગજ્જર ગાંધીનગરના સર્જક હોવાની છાપ ઉભી કરે છે. ડૉ. કેશુભાઈ દેસાઈએ જય ગજ્જરના વિશિષ્ટ ડાયસ્પોરા સર્જન વિષે કેટલીક રસપ્રદ વાત કરી કહ્યું કે વિદેશની ભૂમિ પર સંવેદનાની સોનોગ્રાફી જેવું સર્જન કરતા ગજ્જર જેવા સર્જકો જ આપણી માતૃભાષાને જીવાડશે. ડૉ. ચીનુભાઈ મોદીએ 'સં-વેદના' વાર્તાસંગ્રહને ખુલ્લું મૂકી લોકાર્પણ કરતાં જય ગજ્જરની અહીંની અને કેનેડાની સાહિત્યિક પ્રવૃત્તિને અને સમાજસેવાને બિરદાવી ભારતના પદ્મવિભૂષણ જેવું 'ઓર્ડર ઓફ કેનેડા' અને ઘણા બધા એવોર્ડ મેળવી ગુજરાતનું ગૌરવ વધારનાર જય ગજ્જરને ૧૯૬૨થી અને પ્રથમ નવલકથા 'ફૂલડે ફૂલડે ફોરમ'ના સર્જનથી ઓળખતા હોવાનું કહી એમની સર્જન પ્રતિભાની પ્રશંસા કરી હતી.

અંતમાં જય ગજ્જરે સૌનો હૃદયપૂર્વક આભાર માની કહ્યું કે 'કેનેડા મારી કર્મભૂમિ છે જ્યારે ગુજરાત મારી માતૃભૂમિ છે એનો સાદ સાંભળી દર વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં મારા નિવાસ ગાંધીનગરમાં આવું છું. કેનેડાની માયનસ દસ કે વીસ ડીગ્રીની ઠંડીથી બચવા નહિ પણ અહીં મિત્રો અને સ્નેહીજનોની પ્રેમભરી જે ઉષ્મા મળે છે તેથી ધન્ય થઈ તે મેળવવા આવું છું.

આવો અંગ્રેજી શીખીએ

- ચેતના ભુચ

Noun - case (વિભક્તિ)

મિત્રા, આજે આપણે આ વિભાગમાં વ્યાકરણ માટે જરૂરી એવું પાસું - વિભક્તિનો અભ્યાસ કરીએ. જેને અંગ્રેજીમાં **Noun Case** કહેવાય. જેના કુલ પાંચ પ્રકારો છે.

- વાકયમાં એક નામનાં બીજા શબ્દો સાથેનાં સંબંધને **case** (વિભક્તિ) કહે છે.

e.g : Neeta sings a song.

અહીં આ વાકયમાં **Who sings a song?**

અને **What does Neeta sing?**

એમ બે પ્રશ્નો પૂછવાથી જવાબ **Neeta** અને **Song** કહે છે.

તે, **Neeta** એટલે કર્તા **Nominative Case**(વિભક્તિ) જયારે () શબ્દ **Accusative Case** એટલે કર્મ વિભક્તિ કહેવાય.

આટલા પ્રાથમિક અભ્યાસ બાદ જુદા જુદા પ્રકારોનો અભ્યાસ કરીએ.

(1) Nominative Case (કર્તા-વિભક્તિ)

e.g : Kruti is Preparing a tea.

અહીં **Kruti** એ **Nominative Case** એ કારણે કે **Who** પ્રશ્ન પૂછવાથી જે જવાબ મળે તેને **Nominative Case** કહેવાય.

બીજું ઉ.દા. જોઈએ.

Suresh made a plan.

તો **Suresh** એ પણ કર્તા વિભક્તિ છે.

Case (કર્મ-વિભક્તિ)

(2) Priya Writers a latter.

Devyani Sells Caps.

ઉપરોક્ત વાકયોનાં **What** વડે પ્રશ્ન પૂછવાથી જવાબ **letter** અને **Caps** મળે છે.

આ બંને કર્મો છે તેથી તેને **accusative case** એટલે કે કર્મ વિભક્તિ કહેવાય.

(3) Dative Case (પરોક્ષ કર્મ વિભક્તિ)

e.g : Rucha gave Shaurya a Chocolate.

આ વાકયમાં **Whom** અને **What** બે પ્રશ્નો પૂછાય. **Whom** પ્રશ્નનો જવાબ **Shourya** જયારે **What** પ્રશ્નનો જવાબ **Chocolate** મળે **Direct Object** છે જયારે **Shaurya** એ **Indirect Object** છે

હવે, મિત્રો **Direct Object** ની **Accusative Case** કહેવાય જયારે **Indirect Object** ની **Dative Case** કહેવાય.

- પરિચયાત્મક શબ્દોના વિભાગમાં આપણે ઘરવખરી **(House hold Equipments** વિષયનાં નવાં શબ્દોનો પરિચય મેળવીએ.

Strainer - (સ્ટ્રેનર) ગળણી
Cradle - (ક્રેડલ) ઘોડિયું
Broom - (બ્રુમ) સાવરણી
Lantern - (લેટર્ન) ફાનસ
Quilt - (ક્વિલ્ટ) રજાઈ

'વિશ્વ માતૃભાષા દિને' ગાંધીનગરમાં ગુજરાતી સાહિત્યજગતના શિરમોર કવિઓ-લેખકોનો યોજાયો 'મહાકુંભ' 'મિરાત માતૃભાષાની' કાર્યક્રમમાં માણી ગુજરાતી કાવ્યસંગીતની સૂરીલી સફર : સલામ ગાંધીનગર કલ્ચરલ ફોરમ : વાહ, શ્યામલ-સૌમિલ મુનશી વૃંદ

ટહૂકાર

- પ્રકાશ લાલા

વિશેષ દિવસ જ્યારે અતિ વિશેષ રીતે ઉજવાય ત્યારે એ ચિરસ્મરણીય બની રહે છે.

નગરની કલા-સાંસ્કૃતિક સાહિત્યિક અગ્રણી સંસ્થા 'ગાંધીનગર કલ્ચરણ ફોરમ' તા. ૨૧ ફેબ્રુઆરી 'વિશ્વ માતૃભાષા દિન' અનોખી રીતે મનાવી એને ઐતિહાસિક અવસર બનાવી દીધો એમ ગાંધીનગરના લોકો જ નહીં, અમદાવાદથી પધારેલા ગુજરાતી સાહિત્યનાં સર્વે સર્જકોએ પણ સ્વીકાર્યું હતું.

માતૃભાષા ગુજરાતીનું સન્માન કરવા, નવી પેઢીનો માતૃભાષા માટે રસ-રૂચિ-આદર સમજાવવા, 'ફોરમ પ્રતિવર્ષ આ હેતુ માટે 'વિશ્વ માતૃભાષા દિવસ' પસંદ કરાયો અને નવતર આયોજન કર્યું.

ઘણા દિવસો પહેલાંથી જ નગરમાં ઠેર ઠેર સુંદર હોર્ડિંગ્સ મૂકીને વાતાવરણને ઊભું કરાયું જ હતું... આ દિવસે સવારે ખાસ નિમંત્રેલા લબ્ધપ્રતિષ્ઠિત કવિઓ સર્વશ્રી હરિકૃષ્ણ પાઠક, ચીનુ મોદી, રાજેન્દ્ર શુક્લ, માધવ રામાનુજ, ભાગ્યેશ જહા, અંકિત ત્રિવેદી, તુષાર શુક્લ, હરદ્વાર ગોસ્વામી, હાસ્યલેખક રતિલાલ બોરીસાગર, વાર્તાકારો સર્વશ્રી કેશુભાઇ દેસાઇ, રાઘવજી માધડ, નટવર હેડાઉ, મનસુખ સલ્લા, પત્રકાર - લેખકો રમેશ તન્ના, ભીખેશ ભટ્ટ, સર્જક સનદી અધિકારીઓ સર્વશ્રી વસંત ગઢવી, પી.કે. ગઢવી તથા ભાઇ તેજસ મજમુદાર અને પ્રા. સુશ્રી માર્ગી હાથી મળી ૨૧ સર્જકોએ, નગરનાં અલગ અલગ વિદ્યાધામોમાં જઇ, ૯-૩૦ થી ૧૦-૩૦ દરમિયાન એટલે કે એક જ સમયે બધી જગ્યાએ ત્યાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ, નિરીક્ષકો, વાલીઓ - નાગરિકો સાથે પોતપોતાની આગવી શૈલીમાં માતૃભાષાની મીઠાશ અને જીવનમાં તેના મહત્ત્વ વિશે... માતૃભાષામાં સર્જાતા સાહિત્ય સાથે નાતો જોડવા વિના રસપ્રદ વાતો કરી હતી... કરોને કે ગુજરાતી ભાષાના પ્રથમ પંક્તિના શબ્દ સ્વામીઓએ માતૃભાષાનું સમૂહ ગૌરવગાન કહી આ વિશેષ દિવસ અને ગાંધીનગરને ધન્ય બનાવી દીધાં હતા...

સવારથી બપોર સુધી આટલા બધા સર્જકોની એક સાથે અહીં ઉપસ્થિતિ પણ એક દિવસ ઘટના હતી... કવિઓ - લેખકોનો 'મહાકુંભ' યોજાવાની અનુભૂતિ થતી હતી. ગાંધીનગરની સાહિત્યિક પ્રવૃત્તિઓના ઇતિહાસમાં 'કલ્ચરલ ફોરમ'ની આ એક નોંધપાત્ર, અભિનંદનીય દિશાસૂચક ઘટના બની રહી...

જો કે 'ફોરમ' એ તેની સુવાસ પ્રસરાવવાનું કામ 'વિશ્વ માતૃભાષા દિન'ની સવાર સુધી જ સીમિત ન રખાયું... કેમ કે સંસ્થા દ્વારા રાત્રે ટાઉનહોલ ખાતે યોજાયેલ ગુજરાતી કાવ્ય સંગીતનો કાર્યક્રમ 'મિરાત માતૃભાષાની' પણ ભાષા-સાહિત્યના ભાવકો-રસિકજનોએ હોંશભેર મોડી રાત સુધી માણ્યો હતો.

આ અવસર દીપાવ્યો, સંગીતના માધ્યમથી ગુજરાતી કવિતાના વર્ધન-સંવર્ધનની પ્રવૃત્તિના ભેખધારી, ટોચના ગાયક - સંગીતકાર શ્યામલ - સૌમલ - આરતી મુનશીએ. તેમણે અને સુપ્રસિદ્ધ ગાયક હસમુખભાઇ પાટડિયા જાણીતા નીવડેલા સંચાલક કવિ તુષાર શુક્લના સથવારે ગુજરાતી કાવ્ય વિશ્વની 'સૂરીલી સફર' કરાવી 'વિશ્વ માતૃભાષા દિન'ની ઉજવણીને વધુ રંગીન અને સંગીન બનાવી દીધી...

આદિ કવિ નરસિંહ મહેતાની ભક્તિ રચનાઓ 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' તથા 'વનરાવનમાં... વનરાવનમાં કૃષ્ણ રાસ રમે...' ની સૌમિલ તથા આરતી મુનશીની પ્રસ્તુતિથી આરંભાયેલી કાવ્ય સંગીત યાત્રામાં હસમુખ પાટડિયાએ સ્વામી મુક્તાનંદની રચના રજૂ કરી વાતાવરણ જમાવી દીધું...

આ પછી તો અર્વાચીન કવિ વીર નર્મદ રચિત 'જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણું પ્રભાત' નું સમૂહ ગાન સૌએ માણ્યું ને ઝીલ્યું... ઉમાશંકર જોશીના ગીત 'ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા', 'તારો છેડલો તું માથે રાખને જરા, આ તો ચૈતર વૈશાખનાં વાયરા' ને નંદકુમાર પાઠકની મસ્તી ભરી રચનાને વધુ મસ્તીથી પ્રસ્તુત કરી શ્યામલભાઇએ પ્રેક્ષકોને પોતાની કરી લીધા હતા... 'મિરાત માતૃભાષાની' કાર્યક્રમના આગળનાં દૌરમાં અવિનાશભાઇનાં સદાબહાર ગીતો 'રાખનાં રમકડાં મારા રામે રમતાં રાખ્યાં.' તથા 'પંખીઓએ કલશોર કર્યો ભાઇ...' વેણીભાઇ પુરોહિતનું દિલીપ ધોળકીયાએ ગાયેલું અને અજીત મર્ચન્ટે સ્વરબધ્ધ કરેલી, 'ઓલ ટાઇમ હીટ' ગુજરાતી ગીત 'તારી આંખનો અફીણી તારા બોલનો બંધાણી' રજૂ કરી સૌમિલ મુનશીએ ભારે જમાવટ કરી અને ખૂબ દાદ પણ મેળવી લીધી. આરતીબહેનના કંઠે 'રાધાનું નામ તમે વાંસળીના સૂર માંહી વહેવું ના મેલો ઘનશ્યામ.', 'સાંવરિયો રે મારો સાંવરિયો' ગવડાવી ગુજરાતી કાવ્યજગતના શિરમોર કવિઓ સુરેશ દલાલ અને રમેશ પારેખને યાદ કરાયા.

અને ગાયકોની સાથે પ્રેક્ષકોએ પણ આ જાણીતી રચનાઓ સાથે સાથે ગાઇને કહ્યોને કે સદ્‌ગતિ કવિવરોને સ્મરણાંજલિ અર્પી!!

હસમુખભાઇ પાટડિયાના ઘેરા-ઘૂંટાયેલા-નીવડેલા કંઠેથી એમની આગવી ગાયન શૈલીમાં ગંગાસતીનું ભજન, મેઘાણીભાઇની રચના 'મન મોર બની થનગાટ કરે' તથા ઝીઓ વણઝારા...' સાંભળવાની મોજ આવી ગઇ.

માતૃભાષાની સાથે માતૃવંદનાનું કવિ બોટાદકરનું ગીત 'જનનની જોડ સખી નહીં જડે રે લોલ, તથા કવિ કલાપીની ગુજરાતી કવિતા જગતની સુપ્રસિધ્ધ રચના 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, ચાદી ભરી ત્યાં આપની' ના પ્રસ્તુત થઇ હોત તો જ નવાઇ લાગત... આ ગીત અને ગઝલ અનુક્રમે આરતી મુનશી તથા સૌમિલભાઇ સ્વરે રેલાયાં હતાં. આ ઉપરાંત 'એવા રે મળેલા મનનાં મેળ, રૂદિયાની રાણી કેવા રે મળેલા મનના મેળ...' શ્યામલ-આરતી મુનશી પાસેથી સાંભળવા મળ્યું... આ બધાં ગીતોએ સૌને મોજ કરાવી - ડોલાવ્યાં તો રાવજી પટેલની રચના 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' તથા ઇન્દુલાલ ગાંધી લિખિત 'આંઘળી માનો કાગળ' પ્રસ્તુત કરી સૌમિલભાઇએ કેટલાયને રડાવ્યાં - સૌની આંખો તો ભીની કરી જ દીધી હતી...

કુશળ વાદ્યકારોની સંગતમાં આ બધા ગાયક કલાકારો રજૂ કરેલાં ગીતોની મઝા તો સૌએ માણી જ પણ કાર્યક્રમની વિશેષ રસપ્રદ બાબત બની રહી સંચાલક કવિ તુષાર શુક્લએ કરેલી આ 'સૂરીલી યાત્રા'ના અલગ અલગ મુકામોની, જે તે સમયગાળાનાં કવિજનોની - એમની રચનાઓની એની ખૂબીઓની અભ્યાસપૂર્ણ - માહિતીપ્રદ વાતો, એમણએ કહ્યું કે ગુજરાતી કાવ્ય વાતો - આપણી માતૃભાષાની મિરાત એટલી સમૃધ્ધ ને ગંજાવર છે કે ત્રણ કલાકના કાર્યક્રમમાં બધું પ્રસ્તતુ કરવું અને પામવું શક્ય નથી જ પરંતુ પ્રાચીન, અર્વાચીન, આધુનિક અને અત્યાધુનિક યુગનાં કવિઓનાં ખેડાણો વિવિધ મુકામોની વાતો દરમિયાન પ્રતિનિધિરૂપ ગીત - ગઝલ - કાવ્યગાન પ્રસ્તુતિનો આપણો પ્રયાસ છે... અને એવાં ઉપક્રમમાં તુષારભાઇએ દલપતરામની શાળામાં ભણેલી કવિતા 'નિશાળેથી નિસરી જવું પાંસરા ઘેર' તથા સુરેશ જોશીની કૃતિ 'મૃણાલ મૃણાલ... સાંભળે છે તે...' તેમ જ ઝવેરચંદભાઇની રચના 'ચારણકન્યા', ઉનાજલની 'વળાવી બા આવી'નાં ભાવવાહી પઠન થકી આ સર્જકો, એમના સમકાલીન સર્જકોની - એમનાં સર્જકોની અને જે તે યુગનાં કવિઓની સંભારણા રૂપ વાતો રજૂ કરી ખાલી જગ્યાઓ સરસ રીતે ભરી દીધી હતી...

કાર્યક્રમના અંત ભાગમાં અતિ આધુનિક યુગનાં બે ઉપસ્થિત કવિઓની રચનાઓ પણ પ્રસ્તુત થઇ... તુષાર જોશીએ લખેલ 'દરિયાનાં મોજાં થઇ, રેતીને પૂછે, તને ભીંજાવું ગમશે કે કેમ? એમ પૂછીને ના થાય પ્રેમ' શ્યામલ મુનશીએ રજૂ કર્યું. તો શ્યામલભાઇની રચના 'સુખનું સરનામું આપો, જીવનમાં કોઇ પાના પર એનો નકશો છાપો....' ઉપાડ્યું સૌમિલભાઇએ અને પછી જોડાયા શ્યામલભાઇ...

'વિશ્વ માતૃભાષા દિન'ની ઉજવણીની આ રીતે આ વર્ષ પૂરતી પૂર્ણાહૂતિ કરાઇ ત્યારે આપણા કાવ્ય વારસાઓ માતૃભાષાની મોંઘી મિરાતનો - એની સમૃધ્ધિ - સામર્થ્ય અને માધુર્ય - સંવેદનાઓનો સુપેરે પરિચય કરાવતી આ 'ગીત-સંગીત' મઢી કાવ્ય યાત્રાનો પૂરો આનંદ લીધાનો પરિતોષ ઉપસ્થિત સૌના ચહેરા પર વંચાતો હતો...

'વિશ્વ માતૃભાષા દિને' આવા સુંદર - વિશિષ્ટ આયોજન બદલ 'કલ્ચરલ ફોરમ'ની ટીમને ખૂબ ખૂબ અભિનંદન...